सा विद्या या विमुक्तये

# શારદ

વર્ષ ૧૯ | જુલાઈ-ઓગસ્ટ ૧૯૯૮ | અંક ૧

## વાલીઓને.....

આ શ્રાવણ સુદ સાતમ ( ૩૦ મી જુલાઈ ૧૯૯૮ ) એ સંસ્થાનો ૭૫મો સ્થાપનાદિન છે, તેની જાણ કરતાં હું આનંદ અનુભવું છું.

ગયા વર્ષે જણાવ્યું હતું તે મુજબ આ સમગ્ર વર્ષમાં જુદા જુદા કાર્યક્રમોનું આયોજન કરી સમગ્ર ૭૫મું વર્ષ કાર્યક્રમોથી ભરચક રહે તેવી અમારી લાગણી છે. આ કાર્યક્રમોના આયોજનમાં વિદ્યાર્થીઓ, વાલીઓ, શહેરના નાગરિકો, શિક્ષણકારો, ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ, એમ સૌનો અમને સહકાર મળે, તેમને સૌને આમાં સાંકળી શકીએ તેવા કાર્યક્રમોનું આયોજન અમે વિચારીએ છીએ.

આ સંસ્થાના સમગ્ર કેન્દ્રમાં વિદ્યાર્થી રહેલો છે. તેનું વ્યક્તિત્વ પૂરેપૂરું ખીલે તે રીતે સંસ્થામાં અનેક પ્રકારના કાર્યક્રમોનું આયોજન સ્વાભાવિક રીતે થાય છે. આથી આ ભાવનાના પ્રતિક રૂપે સ્થાપનાદિનને દિવસે બાલપૂજનનો કાર્યક્રમ કરવાનું થતું હોય છે તે આપ જાણો છો. આ દિવસો મોસમની દ્રષ્ટિએ અનિશ્ચિતતા ભર્યા હોય છે અને ઘણા સ્થાપનાદિનના દિવસે જ ધોધમાર વરસાદનો અનુભવ અમને થયો હોવાં છતાં પ્રતિકાત્મક રીતે પણ આ કાર્યક્રમ કરવાનું અમને ઉચિત જણાયું છે. જગ્યાની પ્રતિકૂળતા, મોસમની પ્રતિકૂળતા છતાં વાલીઓએ ભીંજવતા વરસાદમાં પણ આ કાર્યક્રમ નિહાળવાનો અનુભવ કર્યો છે અને પ્રોત્સાહન પૂરું પાડયું છે. આ વર્ષે પણ વરસાદ હોય તો પણ એ મુશ્કેલી વેઠીને પણ વાલીઓ તરફથી અમને પ્રોત્સાહન મળી રહેશે તેવી અમને શ્રધ્ધા છે.

આ દિવસથી શરૂ કરીને સમગ્ર વર્ષ દરમ્યાન નૃત્યનાટિકા, ગરબા, નાટકો વિવિધ સ્પર્ધાઓ શૈક્ષણિક પરિસંવાદો, પ્રદર્શનો, સ્નેહમિલન, સ્મરણિકા, ભૂતપૂર્વ વિદ્યાર્થીઓની ડીરેકટરી તૈયાર કરવી, વગેરે ઘણા કાર્યક્રમોનું આયોજન અમારા મનમાં છે.

કોઈ પણ સંસ્થા માટે ૭૫ વર્ષનો ગાળો એ ઠીક ઠીક મોટો ગાળો છે. સંસ્થાના કલેવરમાં આ ગાળામાં ઘણો મોટો ફેરફાર થતો હોય છે અને તે થાય તે સ્વાભાવિક છે. ૭૫ વર્ષની વિકાસગાથા પછી સંસ્થાએ શહેરમાં તથા ગુજરાતમાં મોભાદાર સ્થાન પ્રાપ્ત કર્યું છે તેની પાછળ વિદ્યાર્થીઓનું અભ્યાસલક્ષી વલણ, વાલીઓની વિદ્યાર્થીઓના વિકાસ માટેની જાગૃતિ સંસ્થા સાથે સુમેળભર્યું સાતત્ય, સંસ્થાની પ્રગતિશીલ વિચારશ્રેણી એમ ઘણા પરિબળો વિકાસનાં ચાલક બળ બન્યા છે.

આગામી વર્ષોમાં પણ સંસ્થા આવી જ વિકાસશીલ પ્રગતિ કરે તેવી સૌની શુભેચ્છા અમને મળતી રહે તેવી અપેક્ષા સાથે વિરમું છું.

[signature]નાં
વંદન

## મારું બાળક - મારી જવાબદારી

"બેન ! મારી નોટ ખોવાઈ ગઈ છે... જડતી નથી..." નાનકડા અનિકેતે રડતાં રડતાં બહેન પાસે જઈને ફરીયાદ કરી.

બેને વર્ગમાં બધાં જ છોકરાઓને પૂછયું , " અનિકેતની નોટ કોઈએ જોઈ છે ? એને શોધી આપોને !"

સૌ છોકરાં પોતપોતાની નોટો, દફતર વિગેરે જોવા માંડયાં..પણ અનિકેતની નોટ કયાંય ન મળી...

" તેં નોટ પર નામ લખ્યું હતું ? "

" ના બેન...મમ્મી લખવાનું કહેતી હતી પણ પછી ભૂલી ગઈ હતી.."

હકીકતમાં અનિકેત નોટ આગલે દિવસે વર્ગમાં ભૂલી ગયો હતો..અને વર્ગ સાફ થાય ત્યારે પડી રહેલી વસ્તુ બધી જ વ્યવસ્થિત મૂકાય..નામ હોય તે વસ્તુ તો પાછી મળી જાય. પણ નામ જ ન લખાયું હોય તો એ નોટ કયાંથી..ને કેવી રીતે મળે ? શાળા શરૂ થયે લગભગ દોઢ મહીનો થવા આવ્યો હતો ને તે દરમ્યાન જે કાંઈ લખ્યું હતું તે નોટ ખોવાઈ ગઈ હતી..અનિકેત મૂંઝાય તો ખરો જ ને ! પણ પહેલે જ દિવસથી નોટ, ચોપડી, નાસ્તાનો ડબ્બો, પાણીની બોટલ વિ.બધાં ઉપર વ્યવસ્થિત રીતે નામ લખવા એ પણ એટલી જ મહત્વની બાબત છે.

કેટકેટલાં છોકરાંઓનાં ફોન નંબરો શોધતાં ય કયારેક ખૂબ તકલીફ થાય છે. બાળક નાનું હોય ને પહેલાં બીજામાં ભણતું હોય એટલે સ્વાભાવિક છે કે તેને નંબર કદાચ યાદ ન રહે એટલે એની દરેક નોટ પર ટેલીફોન નંબર એ મહત્વની જરૂરીયાત છે, તે માટે ય વાલીની સજાગતા કેટલાક કિસ્સામાં દેખાતી નથી..તો વળી કયારેક તો પાંચમાં ધોરણનાં બાળકને ય તેનો ફોન નંબર ખબર ન હોય કે યાદ ન હોય એવા કિસ્સા ય જોવા મળે છે ને ત્યારે મને થાય છે કે જીવનનાં વ્યવહારમાં આજની શિક્ષિત મા તેનાં બાળકનાં માર્કસ્ ઉપર જેટલું ધ્યાન આપે છે તેમાંથી કંઈક થોડુંક ધ્યાન પણ જીવનની આવી મહત્વની બાબતો માટેની ચોકસાઈ માટે અપાતું હોય તો ! બાળકનાં ઉછેર માટે એ કેટલું મહત્વનું પરિબળ છે ! અરે ! કયાંક રસ્તામાં જ કંઈક થયું ને બાળકને ઘેર ફોન કરવાની જરૂર ઊભી થઈ હોય તો ! બાળક એકલું નિશાળે જતું થાય ત્યારે એક મા તરીકે કયારે કેવા સંજોગો ઊભા થઈ શકે તે વિચારી લેવું જોઈએ ને ત્યારે બાળકનું શું ? તે નિ:સહાય કે નિરાધાર તો નહીં બની જાય ને !..એવો વિચાર કરી લેવો જ પડે. આપણે એ કરીએ છીએ ખરાં ? તેમાંય ખાસ કરીને હાલમાં વારંવાર બદલાતાં ટેલીફોન નંબરોને કારણે તો આ એક વધુ મહત્વની ફરજ બની જાય છે. આજે બદલાયેલો નંબર કાલે બાળકની સ્કુલમાં જણાવી જ દેવો જોઈએ, તે ઘણું જ મહત્વનું છે.

નાનકડો મૃંગાક હમણાં જ ટાઢે થરથરતો મારી ઓફિસમાં આવ્યો. સ્કુલ શરૂ થયે તો હજી માંડ અડધો કલાક થયો હતો.." બેટા ! તારી તબિયત સારી ન હતી તો કેમ સ્કુલમાં આવ્યો ?" મેં સાહજીક રીતે જ પૂછયું.. " બેન ! મમ્મીને મેં કહ્યું હતું પણ મમ્મીએ ગોળી આપી અને મને કહ્યું કે હવે તું સ્કુલે જા .. ગોળી આપી છે એટલે તાવ ઉતરી જશે..

નહીં તો ફોન કરજે.." નાદાન અને નિર્દોષ મૃગાક બિચારો શું કરે? ,લમાં તો આવ્યો ..પણ જીવને જરાય ચેન ન હતું ...સાત વર્ષનું ળક કેટલુંક સહન કરી શકે?..તે રડવા લાગ્યો, ઓફિસમાં ફોન કરવા ાવ્યો..પણ આપણે સૌ ટેલીફોનનાં તંત્રને જાણીએ છીએ, એ ગમે ારે ખોટવાય છે, અને ફોન ન જ લાગ્યો..ઘણાં પ્રયત્નો કર્યાં.. ન છુટકે રે મૃગાકને વર્ગમાં મોકલવો પડયો, તાવવાળો, ટાઢે થરથરતો મૃગાંક :સહાય બની ગયો હતો..અને ત્યારે મને થાય છે કે આપણે માબાપ ીકેની આપણી જવાબદારી અદા કરી શકીએ છીએ ખરાં ! ખુદ આપણે દા હોઈએ તો આપણે ઊભા થઈ શકતાં નથી તો આ તો બાળક ! એને રાબ તબીઅતે સ્કુલમાં મોકલવાનો વાલી કેમ આગ્રહ રાખતાં હશે ! તબીઅત કરતાં ય એ ભણવાનું એટલું બધું મહત્વનું છે ! કે પછી ળક આખો દિવસ ઘેર એકલું શું કરે એ પ્રશ્ન છે ! બાળકની જવાબદારીમાં ાપણે કેમ પાછાં પડીએ છીએ !

અરે ! કેટલાક વાલી તો એવો આગ્રહ રાખે છે કે ફોન ન ચાલે તમે તેને ઘેર મોકલવાની વ્યવસ્થા કેમ ન કરી શકો ? શાળામાં અઢી જાર બાળકો ભણતાં હોય તેમાંથી રોજ જ આવા પંદર વીસ બાળકોનાં ı બનતાં જ રહેતાં હોય છે.." ઘેર મૂકી કેમ ન જાય ?" એવો આગ્રહ ખનાર વાલીને મારે એક જ પ્રશ્ન છે " તમે આ કરી શકો ખરાં ?" કેટલીક વસ્થા કરવી જોઈએ એવું હું પોતે પણ માનતી હોઉં પણ મને ય કેટલીક ર્યાદાઓ નડે છે ને ! પોતાનું બાળક દરેકની દ્રષ્ટિએ કેન્દ્રમાં હોય એ હજીક છે પણ વાસ્તાવિકતાનો પણ ખ્યાલ રાખવો એએટલી જ હત્વની બાબત છે. માંદા બાળકને સ્કુલે મોકલાયા પછી આવો આગ્રહ ી રીતે રાખી શકાય !

" બાળક એટલે ઈશ્વરે માનવમાં મૂકેલો વિશ્વાસ " ઈશ્વરે પણને આ મહામૂલિ ભેટ આપી છે. પણ એ મહામૂલા માતૃત્વને પણે ન્યાય આપી શકીએ છીએ ખરાં ! કયારેક બાળકને સ્કુલેથી લેવા ાનું જ ભૂલી જવાય..તો કયારેક સમયસર લેવા ન જવાય, સ્તાનાંડબ્બામાં કયારેક મંકોડા ચઢી ગયાં હોય, ચોપડીઓ, વસ્તુ પર મ ન લખાયાં હોય, સ્કુલમાં બાળક માટે મળવાં જવાનો સમય પણ ાવવામાં તકલીફ પડતી હોય ! અરે ! બાળક કયારેક અપશબ્દો બોલતું ય તે પણ સમાચાર સ્કુલમાંથી આવે ત્યારે જ ખબર પડે...ને ત્યારે બાપ તે સ્વીકારવા ય તૈયાર ન હોય...બાળકનાં ઉછેર પાછળ કેટકેટલી ગૃતિ રાખવાની જરૂર છે !..નાસ્તાનાં ચાર પાંચ ડબ્બા ખોવાય પછી કાદ દિવસ એની સામટી તપાસ માટે કયારેક તો વાલી આવે..આજે વાયેલી વસ્તુની તપાસ કાલે થાય તો તે હજી મળે ય ખરી..પણ દિવસો ી એ કેવી રીતે મળે ? આપણે જ ચોક્કસ ન બનીએ તો બાળકમાં કસાઈ કયાંથી આવશે ? .. કયારેક તો બાળક ખુદ એની વસ્તુ પણ ળખી શકતું નથી...બાળકમાં આ બેપરવાઈને બેફીકરાઈ કયાંથી વે છે ? તે કેવી રીતે ચાલી શકે ? એણે તો મોટાં થઈને અનેક ાબદારી સંભાળવાની છે. એ માટે આપણે એનું ઘડતર કરવાનું .નાનું હોય ત્યારથી જ નાની નાની ને સૂક્ષ્મ લાગતી બાબતો પ્રત્યે તેનું ન દોરવાનું છે. ભણતર કરતાં ય આ ઘડતર વ્યવહારીક જીવન માટે , મહત્વનું છે. બાળકને એ જવાબદારી માટે તૈયાર કરવા માટે આપણે બાપ એટલા સજાગ અને જવાબદાર છીએ ખરાં !!! ભણતરની સાથે ıનમાં ઘડતરનું મહત્વ ઘણું વધુ છે.

**ઊર્મિલા શાહ**

**ના:-** આપનાં બાળક માટે કોઈ પ્રશ્ન હોય તો કોઈ પણ સંજોગોમાં ાં વર્ગમાં ન જતાં પ્રથમ ઓફિસનો સંપર્ક સાધવો ત્યારપછી જ ાર્યને મળવું આચાર્યને મળવાનો સમય સોમથી શુક્ર બપોરે ૩-૧૫ નો છે.

# સંસ્થાકીય સમાચાર

## બાલમંદિર

ઉનાળાની લાંબી રજાઓની મઝા માણ્યા પછી બાળકો પાછાં હસતાં રમતાં બાલમંદિરનાં પ્રેમભર્યાં અને મુક્ત વાતાવરણમાં પ્રવૃત્તિઓમાં ઓતપ્રોત થવા માંડયા છે. ને ફરી બાલમંદિરનું વાતાવરણ એ બાળકોથી ઉત્સાહભર્યું બની ગયું છે.

ગૌરીવ્રતનો ઉત્સવ બાળકોએ ખૂબ આનંદભેર ઉજવ્યો. નાનકડી બાળાઓએ રંગબેરંગી ચણિયાચોળી ને ઓઢણી પહેરી માથે જવારા લઈ વિવિધ ગરબા ગાયાં. તેમનો ઉસાહ અનેરો હતો.

હવે તા.૩૦મીએ શાળાનો ૭૫મો સ્થાપનાદિન આવી રહ્યો છે. તેની ઉજવણી માટે તાલીમનાં બાળકો તૈયારીમાં લાગી ગયાં છે.

તા.૨૭મી જૂને તાલીમનાં બાળકો મીની ઝૂ ની મુલાકાતે ગયાં હતાં. બાળકોને પ્રાણીઓ જોવા ખૂબ ગમે છે.

સૂચના : બાલમંદિરનો સમય સોમથી શુક્ર ૧૦-૫૦ થી ૩-૩૦ નો તથા શનીવારે સવારે ૭-૩૦ થી ૧૦-૩૦ નો છે તેની ખાસ નોંધ લેશો. આપનાં બાળકને સમયસર મૂકી જશો. બાળકમાં સમયની નિયમિતતાની ટેવ -અત્યારથી જ પાડવી જરૂરી છે. બાળકને સમયસર લઈ જવાની પણ ખાસ ચોકસાઈ રાખશો.

વર્ગશિક્ષકને મળવા માટે ફક્ત શુક્રવારનો જ દિવસ રાખવામાં આવ્યો છે. જેનો સમય ૩-૩૦ થી ૪-૦ નો રાખ્યો છે. પ્રથમ ઓફિસનો સંપર્ક કર્યા પછી જ વર્ગશિક્ષકને મળવા જવું.

બાલગીતોની કેસેટ ભાગ-૧, ૨ અને ૩ નવા શારદામંદિરમાંથી મળી શકશે.

## શિશુમંદિર

ચૂંટણી : તા.૨૦-૬-૯૮નાં રોજ મહામંત્રી ઉપમંત્રીની ચૂંટણી યોજાઈ જેમાં નીચે પ્રમાણે વિદ્યાર્થી ભાઈબહેનો ચૂંટાયેલા જાહેર થયાં.

| | | |
|---|---|---|
| મહામંત્રી | (ભાઈઓ) | ગીત શાહ |
| | (બહેનો) | હીરલ શાહ |
| ઉપમંત્રી | (ભાઈઓ) | જીગર છપ્પન |
| | (બહેનો) | શિવાની જોષી |

ઈતર પ્રવૃત્તિને અનુલક્ષીને આંતરગૃહોનાં નેતા ઉપનેતાની પસંદગી નીચે મુજબ કરવામાં આવી છે.

| | | | |
|---|---|---|---|
| ધવલગિરિ | (ભાઈઓ) | નેતા | કેતવ લાખિયા |
| | | ઉપનેતા | પ્રતિક શાહ |
| | (બહેનો) | નેતા | પલક શાહ |
| | | ઉપનેતા | નૂપુર શાહ |
| મેઘનાદ | (ભાઈઓ) | નેતા | પાર્થ ખમાર |
| | | ઉપનેતા | પ્રતિક શાહ |
| | (બહેનો) | નેતા | માનસી જોષી |
| | | ઉપનેતા | પૂજા દલાલ |
| રત્નદીપ | (ભાઈઓ) | નેતા | પાતંજલ વ્યાસ |
| | | ઉપનેતા | નિસર્ગ કાજી |
| | (બહેનો) | નેતા | માનસી ગજ્જર |
| | | ઉપનેતા | જીમી ભટ્ટ |

| | | | |
|---|---|---|---|
| ગંગોત્રી | (ભાઈઓ) | નેતા | દર્શિલ શાહ |
| | | ઉપનેતા | નિસર્ગ શાહ |
| | (બહેનો) | નેતા | નિરાલી ફોજદાર |
| | | ઉપનેતા | કિંશુક હિરપરા |

**સૌ વિદ્યાર્થી ભાઈબહેનોને અભિનંદન.**

**આંતરગૃહ સ્પર્ધાઓ:**

**મહેંદી હરીફાઈ** ૪-૭-૯૮

| | | |
|---|---|---|
| પ્રથમ | શચિ અમીન | ( મેઘનાદ ) |
| દ્વિતીય | એષા મહેતા | ( ધવલગિરિ ) |
| | ધરા શાહ | ( રત્નદીપ ) |
| તૃતીય | ધરા શાહ | ( ગંગોત્રી ) |
| | પૂજા દલાલ | ( મેઘનાદ ) |

નિર્ણાયક તરીકે ભૂતપૂર્વ વિદ્યાર્થીની બહેન ગાયત્રી પટેલે સેવા આપી.

**ફૂલના ગજરા બનાવવાની સ્પર્ધા** ૧૩-૭-૯૮

| | | |
|---|---|---|
| પ્રથમ | નિલ્જા પટેલ | ( મેઘનાદ ) |
| દ્વિતીય | પૂજા દલાલ | ( મેઘનાદ ) |
| | પલક શાહ | ( ધવલગિરિ ) |
| તૃતીય | આનલ શાહ | ( ગંગોત્રી ) |
| | બીરવા ભટ્ટ | ( રત્નદીપ ) |
| | જીમી ભટ્ટ | ( રત્નદીપ ) |

## વિનયમંદિર

**પરિણામ :** માર્ચ ૧૯૯૮માં લેવાયેલ એચ.એસ.સી. વિજ્ઞાન પ્રવાહની પરીક્ષાનું શાળાનું પરિણામ ૮૭.૫ % આવ્યું છે.

એચ.એસ.સી સામાન્ય પ્રવાહનું શાળાનું પરિણામ ૯૯.૦૯ % આવ્યું છે.

ન્યુ એસ.એસ.સી.પરીક્ષાનું શાળાનું પરિણામ ૯૭ % આવ્યું છે.

ન્યુ એસ.એસ.સી.માં શાળાનાં વિદ્યાર્થી **શાહ કૌશલ યોગેશભાઈ** બોર્ડમાં પાંચમું અને કેન્દ્રમાં ત્રીજું સ્થાન પ્રાપ્ત કરે છે. **શાહ રોનક માલવભાઈએ** કેન્દ્રમાં સાતમું અને **શાહ નીલ રોહિતકુમારે** કેન્દ્રમા દસમું સ્થાન પ્રાપ્ત કર્યું છે. તે માટે તેમને ખૂબ ખૂબ ધન્યવાદ.

એચ.એસ..સી..સામાન્ય પ્રવાહમાં **શાહ રીકીન મયૂરભાઈએ** બોર્ડમાં દસમું સ્થાન પ્રાપ્ત કર્યું છે અને કેન્દ્રમાં સાતમું સ્થાન પ્રાપ્ત કર્યું છે. તે માટે અભિનંદન.

શાળામાથી નીચે પ્રમાણે વિદ્યાર્થી ભાઈબહેનોને ઈનામ મળે છે તે માટે તેમને ધન્યવાદ.

(૧) ન્યુ એસ.એસ.સી.માં શાળામાં પ્રથમ આવનાર શાહ કૌશલ યોગેશભાઈને સ્વ.કલ્યાણભાઈ ગાંધીના સ્મરણાર્થે ઈનામ રૂ.૧૨૫ /-

(૨) એચ.એસ.સી. વિજ્ઞાન પ્રવાહમાં શાળામાં પ્રથમ આવનાર દવે વિવેકને સ્વ. પન્નાબેન ગાંધીના સ્મરણાર્થે ઈનામ રૂ.૧૨૫/-

(૩) એચ.એસ.સી.સામાન્ય પ્રવાહમાં શાળામાં પ્રથમ આવનાર શાહ રીકીન મયૂરભાઈને સ્વ.પ્રકાશભાઈ પંડિતના સ્મરણાર્થે ઈનામ રૂ.૧૨૫/-

(૪) ન્યુ.એસ.એસ.સી.,એચ.એસ.સી.વિજ્ઞાન પ્રવાહ તથા સામાન્ય પ્રવાહની પરીક્ષાઓમાં શાળામાં બહેનોમાં પ્રથમ આવનાર નીચેની વિદ્યાર્થીની બહેનો:

(૧) શેઠ શાલ્વી શ્રેણીકભાઈ ન્યુ એસ.એસ.સી.

(૨) બલર રૂચિતા ઓધવજીભાઈ સામાન્ય પ્રવાહ એચ.એસ.સી.

(૩) શાહ મેઘના સુભાષચંદ્ર વિજ્ઞાન પ્રવાહ એચ.એસ.સી.ને

સ્વ.તનુલતાબેન પટેલના સ્મરણાર્થે દરેકને ઈનામ રૂ.૧૦૧/-

(૫) ન્યુ એસ.એસ.સી. સંસ્કૃત વિષયમાં ગદાણી બીજલ, મહેતા માલવ તથા શાહ પ્રીતવને સ્વ.વલ્લભરામ વૈદ્યના સ્મરણાર્થે પ્રથમ અને દ્વિતીય ઈનામ વહેંચાતા દરેકને રૂ.૭૫/ મળે છે.

(૬) ન્યુ.એસ.એસ.સી.માં ગણિત અને વિજ્ઞાનનાં કુલ માર્કસમાં શાળામાં સૌથી વધુ ગુણ મેળવનાર શાહ કૌશલ યોગેશભાઈને સ્વ.પ્રમોદાબેન હીરાભાઈ દેસાઈનાં સ્મરણાર્થે ઈનામ રૂ.૧૦૧ /

(૭) ન્યુએસ.એસ.સી.માં અંગ્રેજી વિષયમાં શાળામાં સૌથી વધુ ગુણ મેળવનાર ચોકસી નીકીને સ્વ.પ્રમોદાબેન હીરાભાઈ દેસાઈના સ્મરણાર્થે ઈનામ રૂ.૧૦૧ /

(૮) સ્વ.પ્રકાશભાઈ પંડિતના સ્મરણાર્થે એચ.એસ.સી. સામાન્ય પ્રવાહમાં બીઝનેસ એડમિનિસ્ટ્રેશનનાં વિષયમાં પ્રથમ આવનાર ઓઝા નિલય વિરેશકુમારને રૂ.૧૨૫ /- તથા શાહ નિલેશ નૈમેષકુમારને દ્વિતીય ઈનામ રૂ.૧૦૧ /-

(૯) એચ.સ.સી.વિજ્ઞાન પ્રવાહમાં ઈજનેરી અને મેડીકલ માટેના મેરીટ લીસ્ટમાં શાળામાં સૌથી પ્રથમ આવનાર ઝવેરી હર્ષદીપ ને સ્વ.પ્રમોદાબેન હીરાભાઈ દેસાઈના સ્મરણાર્થે ઈનામ રૂ.૧૦૧ /-

(૧૦) લલિતકલા ક્ષેત્રે આગવી સિધ્ધિ હાંસલ કરવા બદલ સ્વ.કાશીબેન વલ્લભરામ વૈદ્ય તરફથી શાહ કુનુર નિખિલેશભાઈને પ્રથમ ઈનામ રૂ.૧૨૫/- તથા નાગોરી માનસીને બીજું ઈનામ રૂ.૧૦૧

**સૌ વિદ્યાર્થી ભાઈબહેનોને અભિનંદન.**

**ચૂંટણી :** તા.૧૧-૭-૯૮ને શનિવારના રોજ મહામંત્રી ઉપમંત્રીની ચૂંટણી યોજાઈ જેમાં નીચેના વિદ્યાર્થી ભાઈબહેનો ચૂંટાઈ આવ્યા છે.

| | | |
|---|---|---|
| મહામંત્રી | (ભાઈઓ) | શાશ્વત ઠાકોર |
| | (બહેનો) | રાજીતા મુન્શી |
| ઉપમંત્રી | (ભાઈઓ) | અર્પણ સોપારકર |
| | (બહેનો) | રાધિકા શાહ |

ઈતર પ્રવૃત્તિને અનુલક્ષીને નીચે પ્રમાણે નેતા ગૃહનેતાની પસંદગી કરવામાં આવી છે.

| | | | |
|---|---|---|---|
| મેઘદૂત | (ભાઈઓ) | નેતા | નિશાંત જાદવ |
| | | ઉપનેતા | પાર્થ જોષી |
| | (બહેનો) | નેતા | શાલ્વી શેઠ |
| | | ઉપનેતા | હેલી સોમાણી |
| ચંદ્રમૌલિ | (ભાઈઓ) | નેતા | કુંતલ પરીખ |
| | | ઉપનેતા | અભિલાષ પંડિત |
| | (બહેનો) | નેતા | ઋચા દેસાઈ |
| | | ઉપનેતા | દર્શિની ભટ્ટ |
| પદ્મપુકુર | (ભાઈઓ) | નેતા | શ્રેય ત્રિવેદી |
| | | ઉપનેતા | અનાયાસ ઝીંઝુવાડિયા |
| | (બહેનો) | નેતા | ધ્વનિ વ્યાસ |
| | | ઉપનેતા | વિરાજ શાહ |
| ગીતગોવિંદ | (ભાઈઓ) | નેતા | સ્વપ્નિલ શાહ |
| | | ઉપનેતા | કામેશ વ્યાસ |
| | (બહેનો) | નેતા | શિવાંગી વકીલ |
| | | ઉપનેતા | નેહા વઢવાણા |

## અભિનંદન

**ચિત્ર :** વંડર આર્ટ વર્લ્ડ (ઈન્ટરનેશનલ) હૈદ્રાબાદ આયોજીત ચિત્ર સ્પર્ધામાં ચિ.કાનન વૈદ્ય,ચિ.શચી વૈદ્ય અને ચિ. દક્ષ દેસાઈને મેરીટ એવોર્ડ સર્ટીફીકેટ મળ્યા છે.

યંગ એન્વોયઝ ઈન્ટરનેશનલ (હૈદ્રાબાદ) આયોજીત 'બાલરામાયણ' નેશનલ એકઝીબીશનમાં ચિ.પાર્થ ખમાર, ચિ.હિરલ પાછીયા અને ચિ. હર્ષિલ છપ્પનને પ્રશંસાપત્ર મળ્યાં છે.

અખિલ ગુજરાત ચિત્ર સ્પર્ધા (મણકો-૨) ગાંધીનગરમાં ચિ.શૈલી ઠાકોરને તૃતીય સ્થાન મેળવીને જ્ઞાનગંગા એવોર્ડ મળ્યો છે.

ક્ષિતિજ આયોજીત દ્વિતીય ઓલ ઈન્ડીયા ચાઈલ્ડ આર્ટ એકઝીબીશનમાં ચિ.શચી વૈદ્યને મેરીટ સર્ટીફીકેટ મળ્યું છે.

એલીસબ્રીજ જીમખાના આયોજીત ચિત્રસ્પર્ધામાં ભટ્ટ અંશિનીને દ્વિતીય ઈનામ મળ્યું છે.

વિજય ઈન્ફર્મેશન હૈદ્રાબાદ આયોજીત ચિત્ર સ્પર્ધામાં ચિ.દક્ષ દેસાઈને મેરીટ સર્ટીફીકેટ મળ્યું છે.

**વાર્તા સ્પર્ધાઃ** મોર્ડન મેગેઝીન આયોજીત વાર્તા સ્પર્ધામાં ચિ.કાનન વૈદ્યને પ્રથમ નંબર મેળવવા બદલ 'સિધ્ધિ' પારિતોષિક મળ્યું છે.

**સ્કેટીંગ :** રાજપથ કલબ આયોજીત સ્કેટીંગ ટુર્નામેન્ટમાં ચિ.જીગર છપ્પનને રીન્ક રેસમાં પ્રથમ અને ટ્રીંક રેસમાં પ્રથમ ઈનામ મળ્યા છે. આ જ ટુર્નામેન્ટમાં ચિ.હર્ષિલ છપ્પનને રીન્ક રેસમાં પ્રથમ ઈનામ મળ્યું છે.

કોકા સ્કેટીંગ ગ્રુપ આયોજીત સ્કેટીંગમાં ચિ.હીનાલી શાહે સતત બાર કલાક સ્કેટીંગ કરીને ઈનામ મેળવ્યું છે.

એલીસબ્રીજ જીમખાના આયોજીત સ્કેટીંગ સ્પર્ધામાં ચિ.અંશિની ભટ્ટને બલુન બર્સ્ટમાં દ્વિતીય તથા સ્કેટીંગમાં પ્રથમ ઈનામ મળ્યું છે. ચિ. કથન ડોકટરને સ્પીડ સ્કેટીંગમાં પ્રથમ ઈનામ મળ્યું છે.

**સાંસ્કૃતિક કાર્યક્રમ :**

રાજપથ કલબ આયોજીત સુગમ સંગીત સ્પર્ધામાં ચિ.જીગર છપ્પનને ત્રીજું ઈનામ અને મિમિક્રીમાં પહેલું ઈનામ મળ્યું છે.

ચિ. હર્ષિલ છપ્પનને આ જ કાર્યક્રમમાં મિમિક્રીમાં પ્રથમ ઈનામ તથા ફેન્સી ડ્રેસમાં દ્વિતીય ઈનામ મળ્યું છે.

**કરાટેઃ** અર્જુન સ્કુલ ઓફ માર્શલ આર્ટસ્ ઈન્ડીયા તરફથી ચિ.મોહલ શુકલને યલો બેલ્ટ અને વ્હાઈટ બેલ્ટ મળ્યાં છે.

ગુજરાત રાજ્ય એમેસ્યારે ટેકવોનડો એસોસીયેશન આયોજીત સ્પર્ધામાં ચિ.શૈલ દેસાઈને તૃતીય ટ્રોફી મળી છે.

**ચૈસ :** અમદાવાદ ચેસ એકેડમી તરફથી પ્લેઝર કલબ ખાતે યોજાયેલ ચેસ ટુર્નામેન્ટમાં નિરવ પારેખને (સી)ગ્રુપમાં ત્રીજું, સાગર પારેખને (એ) ગ્રુપમાં પ્રથમ, આનંદ ત્રિવેદીને (એ) વિભાગમાં બીજું ઈનામ મળ્યું છે. આ બધાંને જે એમ. દવે **ટ્રોફી એનાયત કરવામાં** આવી છે. ચિ.જીલેશ ગાંધીને 'Known Medalist' માં પાંચમી ટ્રોફી એનાયત કરવામાં આવી છે.

ગુજરાત સ્ટેટ ચેસ એસોસીએશન **આયોજીત સ્પોર્ટસ** કલબ ખાતે રમાયેલ ચેસ ટુર્નામેન્ટમાં ચિ.જીલેશ ગાંધીએ દ્વિતીય સ્થાન પ્રાપ્ત કર્યું છે. સુરેન્દ્રનગર ડીસ્ટ્રીકટ ચેસ એકેડમી તરફથી યોજાયેલ ચેસ ટુર્નામેન્ટમાં ભાઈ જીલેશને બીજું સ્થાન મળ્યું છે. ને તે નેશનલ ચેમ્પીયન બન્યા છે.નેશનલ ચેસ ટુર્નામેન્ટમાં ચિ.અનૂરી શાહે બેનોમાં સુંદર રમત રમતાં ૭ મો નંબર મેળવ્યો છે.ગુજરાત સ્ટેટ ચેસ એસોસીએશન આયોજીત ચેસ ટુર્નામેન્ટમાં ચિ.સાગર પારેખે દ્વિતીય સ્થાન પ્રાપ્ત કર્યું છે.

સદ્‌વિચાર પરિવાર દ્વારા સંચાલિત સમર્પણ ચેસ કોચીંગ સેન્ટરનાં ઉપક્રમે તાજેતરમાં રમાયેલ ઈન્ફો સોલ્યુશન પીપલ રેપીડ ચેસ ટુર્નામેન્ટસ્‌માં સાગર પારેખે પ્રથમ સ્થાન મેળવ્યું છે.

## મારી વર્ષગાંઠ

નેહા હજી તો સ્કુલેથી આવી અને તેણે મમ્મીને બૂમ પાડી.."મમ્મી..મારી વર્ષગાંઠ કયારે છે ?"

"બેટા ! મેં તને કહ્યું હતું ને કે આવતા ગુરુવારે છે..તું ભૂલી ગઈ ?"..

"ના મમ્મી, ભૂલી નથી ગઈ ..પણ મારી વર્ષગાંઠમાં તારે શું શું કરવાનું છે તે હું તને કહી દઉં..." મારી બધી બેનપણીઓને બોલાવવાની છે..મમ્મી તું એ માટે કાર્ડ આપવા કયારે આવીશ ? તું કાર્ડ લઈ આવી ? મમ્મી..તું કેક કેવી બનાવડાવીશ ? સરસ કરાવજે હોં ! પેલી પિન્કીને ત્યાં હતું એવું એરોપ્લેન બનાવડાવીશ ? અને હા મમ્મી..એ દિવસે મારે સ્કુલમાં નવું ફ્રોક પહેરીને જવું છે..તું ફ્રોક કયારે લઈ આવીશ ?..સરસ મઝાનું ઝૂલવાળું ફ્રોક લઈ આવજે મમ્મી.. પેલી દેવાંગી એની વર્ષગાંઠને દિવસે ઝૂલઝૂલવાળું ગુલાબી ફ્રોક પહેરીને આવેલી તે એવી સરસ પરી જેવી દેખાતી હતી..મને પરી જેવા દેખાવું બહુ ગમે છે મમ્મી..મને એવું ફ્રોક લાવી આપીશને!.."

નેહાની આ કાલીઘેલી વાતો સાંભળી એની મમ્મીના મગજમાં અનેક વિચારોનો વંટોળ જાગ્યો હતો.પૂજન, પ્રણામ અને આ નેહા..ત્રણ ત્રણ બાળકો..કયા માબાપને તેનાં બાળક માટે વ્હાલ ન હોય!..પણ આ કાળઝાળ મોંઘવારીમાં ત્રણ ત્રણ બાળકોનાં ભણતરનો ખર્ચ તો માંડ માંડ પૂરો પડતો હતો ત્યાં એ બધાંની વર્ષગાંઠની ઉજવણી પાછળનો આ બધો ખર્ચ કાઢવો કયાંથી ? ત્યારે આટલા નાના બાળકનાં આ ઉત્સાહને આઘાત પણ કેવી રીતે અપાય ! સુધાબેનનાં મગજમાં પાર વીનાની મૂંઝવણ હતી.

આવી મૂંઝવણ કેટકેટલાં સુધાબેનનાં મનમાં ઊભી થતી હશે!! અને એટલે જ અમે શાળામાં બાળકને સાદગી શીખવવા માટેનો ખાસ આગ્રહ રાખીએ છીએ. વર્ષગાંઠનો દિવસ એટલે બાળક માટે અનેરા આનંદનો દિવસ..એ દિવસે એને સારાં કપડાં પહેરવા જરૂર ગમે પણ દેખાદેખીથી ન પોસાય તેવાં ભપકાદાર ફ્રોક વીના પણ તે સુંદર દેખાઈ શકે તેવું તેને શીખવવું તે વધુ મહત્વનું છે. પહેલાં તો વર્ષગાંઠ હોય ત્યારે વડિલોને પગે લાગી આશીર્વાદ લેવાતાં, બાળકને મંદિરે દર્શન કરવા લઈ જવાતું, ઘરમાં કાંઈ મિષ્ટાન થતું ને આનંદ અને સંતોષથી ઘરનાં સૌ સભ્યો સાથે બેસી એ વર્ષગાંઠની મઝા માણતાં, તેને ઠેકાણે હવે વર્ષગાંઠ એ એક સામાજીક મોભાનો પ્રસંગ બની ગયો છે..અને એમાં દેખાદેખી ઉમેરાતા તેની પાછળ ગજાબહારનો ખર્ચ વધતો જાય છે. કેટકેટલી વાર મંજૂરી ન આપવા છતાંય વાલી તરફથી વર્ગમાં વર્ષગાંઠ નિમિત્તે પીપરમીંટ કે પેન્સીલ બારોબાર વહેંચવામાં આવે છે. ને પરિણામે કેટલાક ન પોસાય તેવા માબાપોને એને પગલે ખેંચાવું પડે છે ! બાળકને 'વાહ' નો શોખ તો હોય એ સ્વાભાવિક છે પણ તેની પાછળ બીજાની 'આહ' ઘૂંટાતી હોયત્યારે શું ? આટલી નાની ઊંમરથી જ આવી પાર્ટીઓની એ બાળકોને ટેવ પાડીશું તો કોલેજ સુધી પહોંચતા તો એ બાળક કયા સ્તરે પહોંચશે ! વર્ષગાંઠનો આનંદ જરૂર હોય પણ તેનો અતિરેક કેમ કરાય ! શાળામાં તો બધાં જ બાળકો સરખાં.

<u>પર્સનાલીટી ડેવલપમેન્ટ ફોર લેડીઝ</u> નો એક કોર્સ તા.૭ મી ઓગસ્ટથી સંસ્થામાં શરૂ થનાર છે. દાખલ થવા ઈચ્છતી બહેનોએ તા. ૭ મી ઓગસ્ટ સુધીમાં ઓફિસનો સંપર્ક સાધી નામ નોંધાવી દેવા.

**ભૂતપૂર્વ વિદ્યાર્થીઓનેઃ** સંસ્થા હવે તેનો અમૃત મહોત્સવ ઉજવવાનું હાથ ધરી રહી છે. તો ભૂતપૂર્વ વિદ્યાર્થીઓને તેનાં ફોર્મ શાળાની ઓફિસમાં સત્વરે ભરી જવા વિનંતી.

તંત્રી ,મુદ્રક,પ્રકાશકઃ દિનુભાઈ દવે, આચાર્ય અને નિયામક,
શારદામંદિર, અમદાવાદ-૩૮૦૦૦૭.
EMAIL: shaarad@ad1.vsnl.net.in